અપીલ અરજી નં.૨૧ તા.૧૭–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી તુલસી એમ. ગોહિલ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુલસી એમ. ગોહિલ આઈ ડી.નં.૫૪૫૮ તા.૨૫–૩–૦૯ ની અરજીથી ઝાંપા બજારમાં આવેલ શાકમાર્કેટ, મટન માર્કેટની આજુ બાજુ અને સામેની લાઈનમાં આવેલી દુકાનો અને દુકાનદારોએ ફુટપાઠની જગ્યા ભાડે આપી ગેરકાયદેસર રીતે મહાનગરપાલિકાની જગ્યાનું ભાડું વસુલ કરે છે તે કાયદેસર છે? તથા દુકાનદારો પર ભરેલા પગલા, ગેરકાયદેસર મરઘીનું વેચાણ કરી ગંદકી અંગે ભરેલા પગલા અને ફુટપાઠ ઉપર પથારો કે વેચાણ કરતાં હોય તો દુકાનદાર પર કાયદાકીય પગલા લઈ ફુટપાઠ ખાલી કરવા વિગેરે અંગેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૧/૨૦૦૯–૧૦

શ્રી તુલસી એમ. ગોહિલ આઈ ડી.નં.૫૪૫૮ તા.૨૫–૩–૦૯ ની અરજીથી ઝાંપા બજારમાં આવેલ શાકમાર્કેટ, મટન માર્કેટની આજુ બાજુ અને સામેની લાઈનમાં આવેલી દુકાનો અને દુકાનદારોએ ફુટપાઠની જગ્યા ભાડે આપી ગેરકાયદેસર રીતે મહાનગરપાલિકાની જગ્યાનું ભાડું વસુલ કરે છે તે કાયદેસર છે? તથા દુકાનદારો પર ભરેલા પગલા, ગેરકાયદેસર મરઘીનું વેચાણ કરી ગંદકી અંગે ભરેલા પગલા અને ફુટપાઠ ઉપર પથારો કે વેચાણ કરતાં હોય તો દુકાનદાર પર કાયદાકીય પગલા લઈ ફુટપાઠ ખાલી કરવા વિગેરે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર તા.૮–૪–૦૪ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.ર રેકર્ડ ઉપર નથી. મુદ્દા નં.૩ અને ૪ અંગે ખોટા અને ગેરમાર્ગે દોરતા જવાબ આપેલ હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦ તા.૨૪–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને ખોટા અને ગેરમાર્ગે દોરનાર જવાબો અંગે કરેલ દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજૂ કરવા અંગે પત્રો પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭ તા.૮–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી પત્ર પાઠવી તક આપવા છતાં દાવાના સમર્થનમાં આધાર કે વાજબીપણું રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા. ૨૫–૩–૦૯ ની અરજીથી ઝાંપા બજારમાં આવેલ શાકમાર્કેટ, મટન માર્કેટની આજુ બાજુ અને સામેની લાઈનમાં આવેલી દુકાનો અને દુકાનદારોએ ફુટપાઠની જગ્યા ભાડે આપી ગેરકાયદેસર રીતે મહાનગરપાલિકાની જગ્યાનું ભાડું વસુલ કરે છે તે કાયદેસર છે? તથા દુકાનદારો પર ભરેલા પગલાં, ગેરકાયદેસર મરઘીનું વેચાણ કરી ગંદકી અંગે ભરેલા પગલા અને ફુટપાઠ ઉપર પથારો કે વેચાણ કરતાં હોય તો દુકાનદાર પર કાયદાકીય પગલા લઈ ફુટપાઠ ખાલી કરવા વિગેરે અંગેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આંન.૩૧ તા.૮–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર મુદ્દા નં.૧ ઝાંપા બજાર શાક માર્કેટ વિસ્તારમાં દુકાનની આગળના ફુટપાઠ તર રાહદારીઓની ચાલવાની જગ્યા પર ભાડુ વસુલ કરે છે તે કાયદેસર છે? જેનો પ્રત્યુત્તર ભાડુ વસુલ કરવામાં આવતું હોય તો તે કાયદેસર નથી, મુદ્દા નં.ર અંગે રેકર્ડ તપાસતાં માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૩ અંગે ગેરકાયદેસર મરઘી વેચાણ કરી જાહેરમાં ગંદકીઓ કરે છે તેના પગલા ભરી રીપોર્ટ આપવા બાબત અવારનવાર નોટીસ/ચેતવણી આપી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે તેમજ મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવે છે તથા મુદ્દા નં.૪ દુકાન આગળ જે કોઈ પથારો કે અન્ય વસ્તુઓના વેચાણ કરતાં હોય તો દુકાનદારો પર કાયદાકીય પગલા લઈ ફુટપાઠ ખાલી કરાવવું જે અંગે દબાણ વિભાગ ધ્વારા અવાર નવાર દબાણો દુર કરવામાં આવે છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલ છે. અરજીની વિગત જોતાં અરજદારે મુદ્દા નં.ર અંગે સમર્થન વિનાનું વિધાન કરી કાર્યવાહી કરી રીપોર્ટ કરવા તથા મુદ્દા નં.૪ અંગે ખાતાકીય કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર (જે) માહિતી અને માહિતી અધિકારની વ્યાખયા ધ્યાને લેતાં જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે .ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. તે ધ્યાને લેતાં અરજદારની મુદ્દા નં.ર અને ૪ ની રજૂઆત જોગવાઈ સાથે સુસંગત નથી. મુદ્દા નં.૩ અંગે અરજદારે કેટલાક પગલાં ભર્યા તેની વિગતો માંગેલ. જે સંખ્યા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ નથી તે સિવાય વિવરણ આપેલ છે મુદ્દા નં.૧ અંગે કોઈ તકરાર નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.ર અને ૪ માં માહિતી માંગવા નહીં પરંતુ કાર્યવાહી કરવા રજૂઆત કરેલ હોઈ ગ્રાહય રાખવા પાત્ર નથી. જયારે મુદ્દા નં.૩ અંગે કેટલા પગલાં ભર્યા તેની વિગતો કાયદાની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી તુલસી એમ. ગોહિલ, ૯૩, રણુજા સોસા., બોમ્બે ટુ પુણા માર્કેટ રોડ, સુરત બોમ્બે માર્કેટ ટુ પુણા રોડ, રોડ, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.